પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૮૨ | ૨૩ ડિસેમ્બર, ૨૦૧૮, રવિવાર; માગશર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# શ્રેણીબદ્ધ વસ્તુઓ પર જીએસટી દરમાં ઘટાડો

**સરકારે ૩૩ વસ્તુઓ પર જીએસટીના દર ઘટાડ્યા : સામાન્ય ઉપયોગમાં આવતી ૨૩ ચીજવસ્તુઓ વધુ સસ્તી થશે : ૧૭ વસ્તુ અને છ સેવાઓ ઉપર જીએસટી રેટમાં ઘટાડો કરાતા નવા વર્ષની શરૂઆત પહેલા મોટી ભેટ : જીએસટી કાઉન્સલની બેઠકમાં નિર્ણય**

નવી દિલ્હી, તા.૨૨

નવા વર્ષની શરૂઆત પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે લોકોને આજે મોટી રાહત આપી હતી. નવા વર્ષ પહેલા જીએસટી પર મોટી ભેટ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. ફિલ્મોની ટિકિટ, ટીવી સેટ, કોમ્પ્યુટર, પાવર બેન્ક, ટીવી સ્ક્રીન



સહિતની દરરોજ ઉપયોગમાં આવતી ૨૩ ચીજવસ્તુઓ પર જીએસટી રેટમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે. આની સાથે જ આ તમામ ચીજો પહેલી જાન્યુઆરી ૨૦૧૯થી સસ્તી થશે. આજે જે ચીજવસ્તુ પર દર ઘટાડવામાં આવ્યા છે તે દર પહેલી જાન્યુઆરીથી લાગુ થશે. જે ચીજવસ્તુઓ પર ટેક્સ ઘટાડવામાં આવ્યો છે. તેમાં ૧૭ ચીજ વસ્તુઓ અને છ સર્વિસનો સમાવેશ થાય છે. છ વસ્તુને ૨૮ ટકાના સ્લેબમાંથી ઘટાડીને ૧૮ ટકાના જીએસટી સ્લેબમાં મુકવામાં આવી છે. નાણામંત્રી અરૂણ જેટલીએ જીએસટી કાઉન્સિલની બેઠક બાદ

● અનુસંધાન પાન-૭ પર

## એનડીએમાં બેઠક વહેંચણી અંગે આજે નિર્ણય થઈ શકે

**આજે સવારે અમિત શાહના આવાસ ઉપર ભાજપ, જેડીયુ અને એલજેપીના નેતાઓની બેઠક થશે જેમાં અંતિમ નિર્ણય**

નવી દિલ્હી,તા. ૨૨

બિહારમાં એનડીએમાં ૨૦૧૯માં લોકસભા ચુંટણીને લઈને બેઠકોની વહેંચણી પ્રશ્ને ખેંચતાણ જારી છે. હાલમાં ખેંચતાણનો અંત આવે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા નથી. આજે ગઠબંધન સાથી પક્ષોની વચ્ચે યોજાનારી બેઠક વહેંચણીને લઈને નિર્ણય ટાળી દેવામાં આવ્યો હતો. દિલ્હીમાં એનડીએના ત્રણ સાથી પક્ષો ભાજપ, જેડીયુ અને એલજેપીની સૂચિત સંયુક્ત પત્રકાર પરિષદ હવે આવતીકાલે યોજાય તેવી શક્યતા છે. આજે નિર્ણય ટળી ગયો હતો.

આ પહેલા મેરેથોન બેઠક યોજવામાં આવી હતી. જેમાં નેતાઓની વચ્ચે સહાનુભૂતિના મુદ્દા ઉપર પણ ચર્ચા થઈ હતી. ભાજપ અને એલજેપી વચ્ચે પણ બેઠકોની વહેંચણી અંગે સહમત થઈ હોવાનું જાણવા મળ્યું છે.

આવતીકાલે સવારે ૧૧.૩૦ વાગે ભાજપ અધ્યક્ષ અમિત શાહના આવાસ ઉપર ત્રણ પક્ષોના નેતાઓની બેઠક યોજાશે. આ બેઠક બાદ બેઠકોની વહેંચણીને લઈને કોઈ જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે.

## કાશ્મીરમાં મુસાના ડેપ્યુટી સહિત છ ત્રાસવાદી ઠાર

**ત્રાલમાં ચોક્કસ બાતમી બાદ સુરક્ષા દળોનું સફળ ઓપરેશન : ઠાર કરાયેલા આતંકવાદીઓના સંબંધ અંસાર ગજવત ઉલ હિન્દ સાથે હતા : માર્યા ગયેલા ત્રાસવાદી પાસેથી શસ્ત્રોનો જથ્થો કબજે**



શ્રીનગર, તા.૨૨

જમ્મુ કાશમીરના ત્રાલમાં સુરક્ષા દળોને આજે વધુ એક મોટી સફળતા હાથ લાગી હતી. ઓપરેશન ઓલઆઉટના ભાગરૂપે એક ભીષણ એન્કાઉન્ટરમાં છ ત્રાસવાદીઓ ઠાર થયા હતા. ઠાર થયેલા ત્રાસવાદીઓમાં કુખ્યાત જાકીર મુસાના ડેપ્યુટી સહિત છ ત્રાસવાદી ઠાર થતા મોટી સંખ્યામાં હથિયારો અને વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ચોક્કસ બાતમીના આધાર પર કાર્યવાહી કરવામાં આવી હતી. અવંતીપોરામાં ત્રાસવાદીઓ છુપાયા હોવાની બાતમી મળી હતી. ત્યારબાદ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ.ત્રાલમાં આજે શનિવારના દિવસે ત્રાસવાદીઓની માહિતી મળ્યા બાદ સેના, સીઆરપીએફ અને જમ્મુ કાશ્મીર પોલીસ દ્વારા સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં છ ત્રાસવાદીઓ ઠાર થઈ ગયા હતા. કુખ્યાત ત્રાસવાદી મુસાના ડેપ્યુટીનુ મોત થયુ છે. જેનુ નામ સોલિહા હોવાનુ જાણવા મળ્યુ છે. તમામ લોકો જાણે છે કે મુસા જમ્મુ કાશ્મીરમાં સક્રિય અલ કાયદાના મંચ અંસાર ગજવત ઉલ હિન્દના પ્રમુખ તરીકે છે. આ વર્ષે જમ્મુ કાશ્મીરમાં સેનાના ઓપરેશન ઓલ આઉટના કારણે વધુ સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા છે. કાશ્મીરના આઈજી એસપી પાનીએ માહિતી આપતા કહ્યું હતુ કે સુરક્ષા દળોના ઓપરેશનમાં છ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. સુરક્ષા દળોને કોઈ નુકસાન થયું નથી. કાર્યવાહી દરમિયાન નાગરિકોએ સહકાર આપ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર




















